
Mudr@Lekh Digital Education
ધોરણ–11
વિષય:–B.A.
એકમ કસોટી-05
સંપૂર્ણ પેપરસોલ્યુશન

## વિભાગ-A

❖ આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

1. હિંદુ અવિભક્ત કુટુંબ ની પેઢીમાં સભ્યપદ કેવી રીતે મળે છે?
✓ જન્મથી
2. ક્યાં સ્વરૂપમાં માલિક, સ્થાપક અને સંચાલક એક જ હોય છે?
✓ વૈયક્તિક માલિકી
3. આર્થિક વિકાસના એન્જિન તરીકે કોને ગણાવી શકાય ?
✓ કંપની
4. સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછી કેટલી વ્યક્તિઓ હોવી જરૂરી છે?
✓ 10
5. ભારતમાં હાલમાં કયો કંપની ધારો અમલ માં આવ્યો?
✓ 2013

## વિભાગ-B

❖ નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

6. : વૈયક્તિક માલિકીમાં માલિકની જવાબદારી કેવી હોય છે?
➢ વૈયક્તિક માલિકીમાં માલિકની જવાબદારી દેવું ચૂકવાની જવાબદારી અમર્યાદિત હોય છે.

7. : કર્તા કોને કહે છે?
➢ હિંદુ અવિભક્ત કુટુંબ પેઢીના સૌથી મોટી ઉંમરના પુરુષને સભ્યને કર્તા કહે છે.

8. : સહકારી મંડળીનો અર્થ આપો.
➢ સમાન આર્થિક હિત અને હેતુ સિદ્ધ કરવા માટે સમાનતા ના ધોરણે સ્વેચ્છિક રીતે એકત્ર થયેલ વ્યક્તિઓ નું સંગઠન એટલે સહકરી મંડળી.

9. : SEBI નું પૂર્ણ રૂપ આપો.
➢ SEBI એ 'Securities and Exchange Board Of India' નું પૂર્ણ રૂપ છે.

10. : સહકરી મંડળીને કાયદેસરનું અલગ વ્યક્તિત્વ ક્યારે મળે છે?
➢ સહકારી મંડળીની નોંધણી થતા તેને તેના સભ્યોથી અલગ કાયદેસર નું વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે.

## વિભાગ-C

❖ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 12 સુધીના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો .**

11. નામનો ભાગીદાર કોને કહેવાય.

- **જ્યારે કોઈ નામાંકિત વ્યક્તિ પોતાના નામનો ઉપયોગ ભાગીદારી પેઢીને કરવા દે તો આવા ભાગીદારને નામનો ભાગીદાર કહે છે.**
- **આવી પ્રતિષ્ઠિત વ્યક્તિના નામને કારણે ભાગીદારી પેઢી હરીફાઈમાં ટકી શકે છે , તેમજ ઝડપી વિકાસ સાધી શકે છે.**
- **આવો ભાગીદાર મૂડી લાવતો નથી, સંચાલનમાં ભાગ લેતો નથી, નફો-નુકસાન ભોગવતો નથી. આમ છતાં તેની જવાબદારી અમર્યાદિત રહે છે.**

12. સહકારી મંડળીને લોકશાહીની તાલીમશાળા શા માટે કહે છે ?

- સહકારી મંડળીના સંચાલનમાં લોકશાહી મહત્ત્વ અપાય છે.
- સહકારી મંડળીમાં સભ્યદીઠ મતાધિકાર હોય છે. તેથી તેમાં મૂડીને નહિ, પરંતુ માનવીને મહત્ત્વ આપવામાં આવે છે.

"Learn Any Where Any Time" MUDR@LEKH™ DIGITAL EDUCATION

- વહીવટી સમિતિની ચૂંટણીમાં કોઈ પણ સભ્ય ઉમેદવારી કરી શકે છે તેમજ વહીવટમાં ભાગ લઈ શકે છે.
- દરેક સભ્યને મત આપવાનો, ચર્ચામાં ભાગ લેવાનો તેમજ પોતાના પ્રતિનિધિને ચૂંટવાનો અધિકાર છે.
- સભ્યો દ્વારા ચૂંટાયેલ કારોબારી સમિતિ લોકશાહી ઢબે મંડળીનો વહીવટ કરે છે.
- તેમાં સભ્યોનું મહત્ત્વ જળવાઈ રહેતું હોવાથી લોકશાહી જીવંત રહે છે.
- આમ, સહકારી મંડળી લોકશાહી વ્યવસ્થાના આદર્શ સિદ્ધાંતોનું શિક્ષણ આપતી તાલીમશાળા છે.

MUDR@LEKH DIGITAL EDUCATION

## 13 : વૈયક્તિક માલિકીના ગેર ફાયદા અને મર્યાદાઓ સમજાવો.

વિભાગ-D

### ❖ મર્યાદિત મૂડી :




- વૈયક્તિક માલિકીનો ધંધો ઓછી મૂડીથી થઈ શકે એ બાબત લાભ હોવા ઉપરાંત મર્યાદા પણ બની શકે છે.
- ઓછી મુડીને કારણે વૈયક્તિક માલિકીની પેઢી જથ્થાબંધ પ્રમાણમાં કાચા માલની ખરીદી, યંત્રની ખરીદી, કે વિશાળ પાયા પર માલનો સંગ્રહ જેવી પ્રવૃત્તિઓ કરી શકતી નથી.
- ઔદ્યોગિક ક્રાંતિ બાદ મોટા પાયા પર ધંધાકીય એકમો સ્થપાતાં હોવાથી, વૈયક્તિક માલિકીમાં મર્યાદિત/ઓછી મૂડી એ મર્યાદા બને છે.

### ❖ મર્યાદિત આયુષ્ય :



- વૈયક્તિક માલિકીમાં ધંધાનું આયુષ્ય પ્રમાણમાં ટૂંકુ જોવા મળે છે.
- વૈયક્તિક માલિકીના ધંધાનો માલિક બિમાર પડે, બહારગામ જાય તો તેની અસર ધંધાકીય એકમ પર પડતી હોય છે.
- આ ઉપરાંત માલિક મૃત્યુ પામે કે અસ્થિર મગજનો થાય ત્યારે ધંધાનો અંત આવે છે.

### ❖ જવાબદારી અમર્યાદિત:



- વૈયક્તિક માલિકીની પેઢીમાં માલિકની જવાબદારી અમર્યાદિત હોય છે, આથી પેઢીના ખર્ચા તેમજ દેવા ચૂકવવા માટે માલિક અમર્યાદિત રીતે જવાબદાર છે.
- જો વૈયક્તિક માલિકીની પેઢીમાં ખોટ જાય, દેવું વધી જાય અને જો આ દેવું ચૂકવવા માટે સમગ્ર ધંધાની તમામ મિલકતો પણ અપૂરતી હોય, તો વૈયક્તિક માલિકીની પેઢીના માલિકે પોતાની અંગત મિલકતો પણ વેચી દેવી પડે છે.
- કારણ કે પેઢીના દેવાંની ચુકવણી માટે પેઢીના લેણદારો પેઢીના માલિકની અંગત મિલકતો ઉપર દાવો માંડી શકે તેવી અમર્યાદિત જવાબદારી વૈયક્તિક માલિકીની પેઢીમાં રહેલી છે.

### ❖ ભૂલભરેલા નિર્ણયો :



- વૈયક્તિક માલિકીના ધંધામાં નિર્ણયો ઝડપથી લઈ શકાય છે, પરંતુ એક માત્ર માલિક જ બધાં નિર્ણયો લેતો હોવાથી ક્યારે ક આ નિર્ણયો ઉતાવળીયા તેમજ ભૂલ-ભરેલા સાબિત થાય છે.
- વૈયક્તિક માલિકીમાં નિર્ણય લેવા માટે અન્ય વ્યક્તિના જ્ઞાન-અનુભવનો લાભ મળતો નથી.

## ❖ મર્યાદિત કાર્યક્ષમતા :



- વૈયક્તિક માલિકીના ધંધામાં માલિક એક જ હોવાથી, તે ગમે તેટલો બુદ્ધિશાળી હોય, તો પણ તેની કાર્યક્ષમતા મર્યાદિત રહે છે.
- આધુનિક યુગમાં ધંધો કરવા માટે અનેક પ્રકારના જ્ઞાનની આવશ્યકતા રહે છે.
- વળી, મર્યાદિત મૂડીને કારણે નિષ્ણાતોની સેવા મેળવી શકાતી ન હોવાથી, વૈયક્તિક માલિકીમાં કાર્યક્ષમતા અન્ય પ્રકારના ધંધાકીય એકમોના પ્રમાણમાં ઓછી રહે છે.

## ❖ મોટા વેપારના લાભનો અભાવ :



- વૈયક્તિક માલિકીમાં મર્યાદિત મૂડીને કારણે મોટા પાયા પરનો વેપાર શક્ય નથી. વળી, વૈયક્તિક માલિકીમાં અમર્યાદિત જવાબદારીને કારણે માલિક ધંધાને મોટો બનાવવાનું સાહસ કરી શકતો નથી.
- આથી, મોટા પાયા પરના વેપારના લાભો જેવા કે જથ્થાબંધ ખરીદી, ડિસ્કાઉન્ટ, જાહેરાત વગેરે મળી શકતા નથી.

## 14 : સહકારી મંડળીનો અર્થ સમજાવી તેની લાક્ષણિકતાઓ વર્ણવો.




✓ સમાન હેતુની સિદ્ધિ માટે, સ્વેચ્છાએ જોડાયેલા સભ્યોનું ધંધાકીય એકમ એટલે સહકારી મંડળી.

- સ્વેચ્છાએ ભેગી થયેલી વ્યક્તિઓ સભ્યોના આર્થિક વિકાસ સાધવાના હેતુથી જે ધંધાદારી સ્વરૂપ રચે, તેને સહકારી મંડળી કહે છે.
- ઉદાહરણ : આણંદની અમૂલ ડેરી, સુરતની સુમૂલ, મહેસાણાની દૂધસાગર ડેરી.

### લાક્ષણિકતાઓ

### ❑ સ્વૈચ્છિક સંગઠન :



- સહકારી મંડળી એ સમાનતાના ધોરણે સ્વેચ્છાએ જોડાયેલી વ્યક્તિઓનું સંગઠન છે.
- આથી જેને સભ્ય થવું હોય તે થાય, ન થવું હોય તે ન થાય અને થયા પછી પણ છૂટા પડવું હોય તો છૂટા થઈ શકાય છે.

## ❑ સરળ સ્થાપના વિધિ :




- સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછી 10 વ્યક્તિઓ સંગઠિત થઈ સહકારી મંડળીના કાયદા હેઠળ સહકારી મંડળીના રજિસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવી શકે છે, અને નોંધણી થતાં જ મંડળી શરૂ થઈ જાય છે.

## ❑ અલગ વ્યક્તિત્વ :



- સહકારી મંડળીની નોંધણી થતાં જ તેને અલગ વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે.
- કોઈ વ્યક્તિના સભ્ય થવાથી કે સભ્યપદના અંતથી સહકારી મંડળીના અસ્તિત્વ પર કોઈ અસર થતી નથી.

## ❑ સમાનતા :



- સહકારી મંડળીના સભ્યોમાં સમાનતાનું ધોરણ જોવા મળે છે.
- કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર દરેક સભ્યોને સમાન તક અને હક મળે છે.

## ❑ લોકશાહીની તાલીમશાળા :



- સહકારી મંડળીમાં 'મૂડી' ને નહીં 'માનવી' ને મહત્વ આપવામાં આવે છે.
- સહકારી મંડળીના વહીવટ માટેની સમિતિમાં કોઈ પણ સભ્ય ઉમેદવારી કરી શકે છે.
- કંપનીમાં 'શેર' દીઠ મતાધિકાર હોય છે, જ્યારે સહકારી મંડળીમાં, 'સભ્ય' દીઠ મતાધિકાર હોય છે.
- આમ, સહકારી મંડળીમાં લોકશાહી રીતે વહીવટ થતો હોવાથી, તેને 'લોકશાહીની તાલીમશાળા' કહે છે.

## ❑ સેવાનો હેતુ :




- સહકારી મંડળીનો મુખ્ય હેતુ 'સેવા'નો અને 'નફા'નો હેતુ ગૌણ હોય છે.
- સહકારી મંડળી પોતાના સભ્યોનો આર્થિક વિકાસ થાય, તેઓનું જીવનધોરણ સુધરે તે માટેનાં કાર્યો હાથ ધરે છે.
- તેથી સહકારી મંડળી પોતાના સભ્યોને યોગ્ય ગુણવત્તાવાળી વસ્તુઓ વાજબી ભાવે પૂરી પાડે છે.

## ❑ 'સભ્ય' દીઠ મતાધિકાર :



- સહકારી મંડળીમાં કોઈ સભ્ય ગમે તેટલી સંખ્યામાં શેર ધરાવતો હોય, તો પણ તેને એક મત આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.
- આથી સમાનતા તેમજ ભાઈચારાની ભાવના વધે છે.

## ❑ શેરની ઓછી કિંમત :



- સહકારી મંડળીના શેરની કિંમત પ્રમાણમાં ઓછી હોય છે.
- વળી, ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ પણ શેર ખરીદી શકે, તે માટે તેઓને શેરની રકમ, એક સામટી ભરવાને બદલે હપતાથી ભરવાની સગવડ પણ સહકારી મંડળી દ્વારા આપવામાં આવે છે.

## ❑ નફાની યોગ્ય વહેંચણી :




- સહકારી મંડળીનો મુખ્ય હેતુ 'સેવા'નો હોવા છતાં જો ' આવકનો વધારો ' થાય, તો કાયદાની જોગવાઈને આધીન અમુક નફો 'ડિવિડંડ' સ્વરૂપે સભ્યોને વહેંચાય છે,
- જ્યારે બાકીનો નફો સભ્યો/સમાજના કલ્યાણ માટે વપરાય છે.

Learn Any Where, Any Time
MUDR@LEKH
DIGITAL EDUCATION

## ❑ અમર્યાદિત સભ્ય સંખ્યા :



- સહકારી મંડળીમાં સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 10 હોવી જરૂરી છે.
- પરંતુ વધુ ને વધુ વ્યક્તિઓ સહકારી મંડળીના સભ્ય બની તેમનો આર્થિક વિકાસ કરી શકે, તેવા ઉદ્દેશથી તેની વધુમાં વધુ સભ્ય સંખ્યા પર કોઈ અંકુશ નથી.

## 14 : સહકારી મંડળીના ફાયદા જણાવો.

### ❑ સરળ સ્થાપના વિધિ :




- સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછી 10 વ્યક્તિઓ સંગઠિત થઈ સહકારી મંડળીના કાયદા હેઠળ સહકારી મંડળીના રજિસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવી શકે છે, અને નોંધણી થતાં જ મંડળી શરૂ થઈ જાય છે.

### ❑ કાયમી અસ્તિત્વ :



- સહકારી મંડળીને તેના સભ્યોથી અલગ-કાયદેસરનું અસ્તિત્વ મળે છે.
- કોઈ પણ સભ્યના પ્રવેશ કે અંતની કોઈ અસર સહકારી મંડળી પર પડતી નથી. આથી સહકારી મંડળી લાંબુ અસ્તિત્વ ધરાવે છે.

## ❑ ખુલ્લુ સભ્યપદ :



- સમાને હેતુ ધરાવનારાઓ માટે સહકારી મંડળીનું સભ્યપદ કોઈ પણ પ્રકારની ધર્મભેદ, જ્ઞાતિભેદ, જાતિભેદ, ગરીબ-શ્રીમંત વગેરેના ભેદભાવ વગર ખુલ્લું છે.

## ❑ સરકારી સહાય :




- સહકારી મંડળી દ્વારા હાથ ધરાતી સભ્ય/સમાજ કલ્યાણની પ્રવૃત્તિ માટે સરકાર તરફથી સહાય આપવામાં આવે છે, આવી સહાય લોન, ગ્રાંટ કે સબસિડી સ્વરૂપે હોય છે.

## ❑ લોકશાહી વહીવટ :




- સહકારી મંડળીના વહીવટ માટેની સમિતિની ચૂંટણીમાં ઊભા રહેવાનો હક દરેક સભ્ય ધરાવે છે.
- દરેક સભ્યને એક મત આપવાનો અધિકાર મળે છે.
- દરેક સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર મળે છે.
- વળી, તમામ નિર્ણયો બહુમતીથી કરવામાં આવે છે. આમ, સહકારી મંડળીમાં તમામ નિર્ણયો બહુમતીથી કરવામાં આવે છે. આમ, સહકારી મંડળીમાં લોકશાહી વહીવટ જોવા મળે છે.

## ❑ ઓછો વહીવટી ખર્ચ :




- સહકારી મંડળી મોટે ભાગે જાહેરાત ખર્ચ કરતી નથી.
- સહકારી મંડળીનું સંચાલન કરનારાઓ માનદ્‌સેવાઓ આપતા હોય છે.
- આમ, કરકસરને કારણે સહકારી મંડળીમાં વહીવટી ખર્ચ પ્રમાણમાં ઓછો જોવા મળે છે.

## 15 : સંયુક્ત હિસ્સાવાળી કંપનીનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ વર્ણવો.

વિભાગ-E

- ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટા પાયા પર ઉત્પાદન થવા લાગ્યું .
- વેપાર-ધંધાનું કદ વિકસવાથી વૈયક્તિક માલિકી કે ભાગીદારીનું સ્વરૂપ નાનું લાગવા લાગ્યું.
- પરિણામે વિશાળ મૂડીરોકાણ, ટેકનોલૉજી, નિષ્ણાતોની સેવાનો લાભ ધરાવતું સ્વરૂપ, સંયુક્ત હિસ્સાવાળી કંપની (જોઈન્ટ સ્ટૉક કંપની)નો ઉદભવ થયો.





✓ "કંપની એ કૃત્રિમ, અદશ્ય અને અમૂર્ત વ્યક્તિ છે, જે કાયદાથી સમાન હેતુઓ માટે અસ્તિત્વમાં આવી " અંગ્રેજીમાં એની વ્યાખ્યા આ પ્રમાણે છે. ભારતીય કાયદાનું એ સર્જન છે."

- આ કાયદા અનુસાર અથવા અગાઉના કાયદા અનુસાર સ્થપાયેલ કંપની એટલે જોઈન્ટ સ્ટૉક કંપની.'

DIGITAL EDUCATION

## ❑ કાયદેસરનું વ્યક્તિત્વ :




- કંપનીની નોંધણી થતાં જ કંપનીને અલગ, કાયદેસરનું અને કૃત્રિમ વ્યક્તિત્વ મળે છે.
- કંપની પોતાના નામથી કોર્ટમાં દાવો માંડી શકે છે, કરાર કરી શકે છે, તેમજ કંપનીની વિરુદ્ધમાં પણ કાયદેસરની કોર્ટમાં કેસ કરી શકાય છે.

## ❑ કાયમી અસ્તિત્વ :



- કંપનીને તેના સભ્યોથી અલગ અસ્તિત્વ મળે છે. આથી, શેર ખરીદીને સભ્ય બને કે શેર વેચીને સભ્યપદનો અંત લાવે તો પણ કંપનીની કાર્યવાહી ચાલુ જ રહે છે.
- "Members may come or members may go , but company goes on for ever."
- આમ, કંપનીના સભ્યો/શેરહોલ્ડરોની બિમારી, નાદારી કે મૃત્યુ જેવા પ્રસંગોની કંપનીના અસ્તિત્વ પર કોઈ અસર નથી. ફડચા જેવી પ્રક્રિયાથી જ કંપનીનો અંત લાવી શકાય છે.

"Learn Any Where, Any Time"
MUDR@LEKH DIGITAL EDUCATION

## ❑ મૂડીનું નાના હિસ્સામાં વિભાજન :



- કંપનીની મૂડીને નાના-નાના અસંખ્ય હિસ્સામાં વિભાજન કરવામાં આવે છે, જેને 'શેર' કહે છે.
- આવા શેર ખરીદનાર વ્યક્તિને 'શેરહોલ્ડર' કહેવામાં આવે છે.
- શેરના મુખ્યત્વે બે પ્રકાર (1) ઈક્વિટી/ઑર્ડિનરી શેર, અને (2) પ્રેફરન્સ શેર હોય છે.

## ❑ શેર સરળ ફેરબદલી :



- કંપની કાયદાની જોગવાઈને આધારે કંપનીના શેર ખરીદી તેમજ વેચી શકાય છે.

## ❑ સંચાલન :



- કંપનીના શેર રહોલ્ડરો કંપનીના માલિકો ગણાય છે.
- આવા શેરહોલ્ડરો કંપનીનું સંચાલન કરવા માટે સંચાલક મંડળ (B.O.D.- Board of Directors - બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ) ના સભ્યોને ચૂંટે છે.
- આવા સંચાલક મંડળ (B.O.D.) ના સભ્યો 'સંચાલકો' કે 'ડિરેક્ટર્સ' તરીકે ઓળખાય છે. આમ, કંપનીમાં માલિકી તેમજ સંચાલન બન્ને અલગ - અલગ છે.

## ❑ સભ્યનો દરજ્જો :



- કંપનીને પોતાના સભ્યથી અલગ, કાયદેસરનું વ્યક્તિત્વ મળે છે. આથી, કંપનીનો સભ્ય કંપની સાથે કરાર કરી શકે છે.
- પરંતુ કોઈ પણ સભ્ય કંપનીના નામે કરાર કરી શકે નહીં તેમજ કોઈ સભ્ય કરેલા કાર્ય બદલ કંપનીને જવાબદાર ઠેરવી શકાય નહીં.

## ❑ સભ્ય સંખ્યા :



- ખાનગી કંપનીમાં ઓછામાં ઓછા 2 અને વધુમાં વધુ 200 સભ્ય સંખ્યા હોય છે.
- જ્યારે જાહેર કંપનીમાં ઓછામાં ઓછા 7 અને વધુમાં વધુ સભ્ય સંખ્યા પર નિયંત્રણ નથી.


## ❑ સામાન્ય મહોર :



- કંપનીના દસ્તાવેજો, કરાર, શેર પ્રમાણપત્રો તેમજ રોજ-બ-રોજના વ્યવહારોમાં કંપનીની સંમતિ દર્શાવવા માટે સામાન્ય મહોર (Common Seal - કૉમન સીલ) લગાવવામાં આવે છે.

MUDR@LEKH DIGITAL EDUCATION

## ❑ સભ્યોની જવાબદારી :




- કંપનીના સભ્યોની જવાબદારી મર્યાદિત, અમર્યાદિત કે બાંહેધરીથી મર્યાદિત હોઈ શકે.
- કંપનીના સભ્યોની જવાબદારી મર્યાદિત હોય, ત્યારે તેમની જવાબદારી તેમણે ખરીદેલા શેરની કિંમત પૂરતી મર્યાદિત રહે છે.
- કંપનીમાં મોટે ભાગે મર્યાદિત જવાબદારી જ જોવા મળે છે.
- જ્યારે અમર્યાદિત જવાબદારીવાળી કંપની ખાસ જોવા મળતી નથી.
- જેમાં સભ્યોની જવાબદારી તેણે ખરીદેલા શેરની કિંમત ઉપરાંતની હોય છે. આથી, તેઓએ કંપનીનું દેવું ચુકતે કરવા માટે પોતાની અંગત મિલકતો પણ વેચવી પડે છે.
- જ્યારે બાંહેધરીથી મર્યાદિત જવાબદારીવાળી કંપનીના સભ્યોની જવાબદારીથી તેણે જેટલી રકમની બાંહેધરી આપી હોય, તેના પૂરતી મર્યાદિત રહે છે.

## ❑ શેરદીઠ મતાધિકાર :



- ➢ કંપનીના શેરહોલ્ડરો કંપનીના માલિક હોવાથી , તેઓને મતાધિકાર પ્રાપ્ત થાય છે.
- ➢ તેઓએ જેટલા શેર ખરીદ્યા હોય, તેટલા મત આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

## ❑ મૂળભૂત અધિકારોનો અભાવ :




- ➢ કંપનીને કાયદેસરનું અલગ અસ્તિત્વ જરૂર મળે છે, પણ કંપની દેશની નાગરિક ન હોવાથી, તેને દેશના નાગરિકોને પ્રાપ્ત થતા મૂળભૂત અધિકારો પ્રાપ્ત થતા નથી.

## 15 : તફાવત આપો : ખાનગી કંપની અને જાહેર કંપની

| તફાવતના મુદા | ખાનગી કંપની | જાહેર કંપની |
|---|---|---|
| સભ્ય સંખ્યા : | ખાનગી કંપનીમમ સભ્ય ઓછામાં ઓછી 2 અને વધુમાં વધુ 200 હોય છે. | જાહેર કંપનીમાં સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 7 અને વધુમાં વધુ સભ્ય સંખ્યા પર અંકુશ નથી. |
| શેર ફેરબદલી : | ખાનગી કંપનીના શેરની ફેરબદલી કરાવી શક્ય નથી. | જાહેર કપનીના શેરની ફેરબદલી કરવી શક્ય છે. |
| શેર ખરીદવાનું આમંત્રણ : | ખાનગી કંપની જાહેર જનતાને શેર ખરીદવાનું આમંત્રણ આપતી નથી. | જાહેર કંપની જાહેર જનતાને શેર ખરીદવાનું આમંત્રણ આપે છે. |
| સંચાલકોની સંખ્યા : | ખાનગી કંપનીમાં સંચાલકોની સંખ્યા ઓછામાં ઓછી 2 હોય છે. | જાહેર કાપણીમાં સંચાલકોની સંખ્યા ઓછામાં ઓછી 3 હોય છે, જેમાં 1 મહિલા સંચાલક હોવી અનિવાર્ય છે. |

| | | |
|---|---|---|
| કંપનીનું નામ : | મર્યાદિતજવાબદારીવાળી ખાનગી કંપનીઓએ તેમની કંપનીના નામની પાછળ 'પ્રાઈવેટ લિમિટેડ' અને અમર્યાદિતજવાબદારીવાળી કંપનીઓએ 'પ્રાઈવેટ' શબ્દ લગાડવો પડે છે. | મર્યાદિતજવાબદારીવાળી જાહેર કંપનીઓએ તેમની કંપનીના નામની પાછળ 'લિમિટેડ' શબ્દ લગાડવો પડે છે. |
| લઘુતમ ભરણું : | ખાનગી કંપનીમાં 'લઘુતમ ભરણું' ભરવાની જરૂર રહેતી નથી. | જાહેર કંપનીમાં 'લઘુતમ ભરણું' ભરવાની જરૂર રહે છે. |
| નિયમનપત્ર : | ખાનગી કંપની માટે નિયમનપત્ર તૈયાર કરવું ફરજિયાત છે. | જાહેર કંપની માટે નિયમનપત્ર તૈયાર કરવું ફરજિયાત નથી. |
| નવા શેર : | નવા શેર બહાર પાડવામાં આવે ત્યારે, પ્રથમ દરખાસ્ત વર્તમાન સભ્યો સિવાયની વ્યક્તિને કરી શકે છે. | નવા શેર બહાર પાડવામાં આવે, ત્યારે પ્રથમ દરખાસ્ત કંપનીના વર્તમાન સભ્યોને કરવી પડે છે. |
| 1 વ્યક્તિની કંપની : | ખાનગી કંપની એક વ્યક્તિની કંપની હોઈ શકે છે. | જાહેર કંપની એક વ્યક્તિની કંપની હોઈ શકે નહીં. |